# સેવક,સેવિકાઓ નાના ગ્રુપના આગેવાનો અને અઠવાડીયાની પ્રવૃત્તિના આગેવાનો માટેની માર્ગદર્શિકા

**પ્રાર્થના**- વહાલા પ્રભુ, પ્રેરિતોના જમાનાની માફક તમારૂં સામર્થ્ય રેડીને અઠવાડીયાની પ્રવૃત્તિઓ માટે અમારી સહાય કરો.



વિશ્વાસીઓ અઠવાડિયા દરમ્યાન ધણીવાર એકબીજાની સેવા કરવા અને મદદ કરવા એકબીજાને મળે છે. તેઓ લોકોમાટે પ્રાર્થના કરે, શિષ્યો બનાવો અને ઘણી અન્ય સેવાઓ કરે. કેટલીકવાર પુરૂષો અને સ્ત્રીઓ ગ્રુપમાં મળે. મોટા કુટુંબો અથવા બે કે ત્રણ કુટુંબો કૌટુંબિક ભજન માટે મળે. સેવકો અને સેવિકાઓ ઘણીવાર આવી સેવાઓને દારેવણી આપે અને અઠવાડિયાની સેવાઓ પર નજર રાખે.

**૧. સેવકો ઘણીવાર એવા જૂથોને દોરવણી આપે જે ગરીબોને સહાયરૂપ થતા હોય.**

ગરીબોની કાળજી લે અને વિશ્વાસીઓને અઠવાડીયાની બીજી પ્રવૃતિઓમાં સહાયરૂપ બને તેવા સેવક અને સેવિકા નીમવા.

- સેવક કે સેવિકાના નામ નક્કી કરવા માટેની લાયકાતો માટે ૧ તિ. ૩:૮-૧૩.
- પ્રેરિતોએ જેમ કર્યું તેમ સેવકો ઉપર હાથ મૂકવા. પવિત્ર આત્માને અભિષેક આપવા માટે વિનંતી કરવી.
- ક્યા વિશ્વાસીને ખૂબ જ જરૂર છે તે જાણો. તમારી મંડળી સિવાયની મંડળી માટે પણ તે રીતે વિચારો.
- જો જરૂર પડે તો વિશ્વાસીઓને નાણાં, વસ્તુઓ, સમય વિ. રીતે મદદરૂપ થવા માટે કહો જેના વડે ગરીબોને મદદ થઈ શકે.

પ્રે.કૃ. ૧-૭માં પ્રેરિતોએ યરૂશાલેમમાં જે કર્યું તો જૂઓ.

- એવું શું બન્યું કે નવી મંડળીમાં સેવકો ઠરાવવા પડ્યા ?
- સેવક બનવા માટે અથવા જરૂરિયાતવાળી વિધવાઓની સેવા કરવા માટે કઈ લાયકાતો હોવી જરૂરી હતી ?
- જ્ઞાન અને પવિત્ર આત્માથી ભરપૂર માણસોને નક્કી કર્યા પછી શું પરિણામ આવ્યું ? (કલમ-૭)
- રૂમી ૧૬:૧ પ્રમાણે એક સ્ત્રી ફેબી પણ સેવિકા હતી, મંડળીમાં સેવિકા.
- 'ડીકન' શબ્દનો અર્થ 'સેવક' થાય છે.

**૨. તમે અને તમારા સાથીદારો અઠવાડીયામાં જે પ્રવૃત્તૌ કરશો તેનું આયોજન**

અઠવાડીયા માટેનો શાસ્ત્રપાઠ જે ભજનસેવામાં શિખવવામાં આવે છે તે પ્રમાણે કાર્ય કરવા માટેની સહાય ન્યુ શેફર્ડસ સ્ટડીઝમાં આપવામાં આવેલી છે. દરેક ન્યુ શેફર્ડસ સ્ટડીના બીજા ભાગમાં તે આપવામાં આવેલી છે. દરેક ન્યુ શેફર્ડસ સ્ટડીના બીજા ભાગમાં તે આપવામા આવેલ છે. જેનું મથાળું "અઠળાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓ માટે સાથીદારો સાથે આયોજન" હોય છે અથવા એ પ્રકારનું હોય છે.

દરેક અભ્યાસમાં પ્રવૃત્તિઓનું સૂચિ હોય છે જ તમે અનેતમારા મદદગારોને કરી શકો. વિશ્વાસીઓની જરૂરિયાતો મુજબ પ્રવૃત્તિ પસંદ કરો. બીજી પ્રવૃત્તિઓ છોડી દો.

તમારા સાથીદારો સાથે આગામી ભજનસેવા પહેલા આ પ્રવૃત્તિઓનું આયોજન કરો જેથી તમે તે ભજનસેવામાં લોકોને સમજાવી શકો કે શું કરવું જરૂરી છે.

તમારી યોજના કાગળ પર લખો અને મંડળીના પાળક સાથે તેની ચર્ચા કરો. તેમની અને અન્ય આગેવાનોની સાથે એકઠા મળીને બીજી ભજનસેવા અને અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો. હવેની સામૂહિક ભજનસેવા વખતે આ યોજનાની જાહેરાત કરવાનું ઠરાવો. કોણ, ક્યારે અને ક્યાં શું કરેશે તે વિષે એકમતથઈને આ યોજના સમાપ્ત કરો. બહોળી વિચારધારા ધરાવો. આયોજનાઓમાં નીચેની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.

- ગલા. ૬ :૧૦ ની લાયકાતો મુજબ ખ્રિસ્તના શરીરમાં એકબીજાની સેવા કરો.
- એફે. ૫ :૨૧ થી ૬:૪ ની સુચવ્યા મુજબ આપણા કુટુંબોની સેવા કરવી.
- પાઉલે પ્રે. ૧૫ :૪૦-૪૧માં કર્યું તેમ બીજી મંડળીઓ સાથે સંકલન કરો.
- માત્થી. ૫ :૧૩-૧૪, ૨૫:૩૧-૪૬માં ઈસુની આજ્ઞા મુજબ આપણા મિત્રો, પાડોશીઓ, દુશ્મનો અને આપણી આજુબાજુના લોકોની સેવા કરો.
- પાઉલે ૨ તિ. ૨ :૨ માં તિમોથીને જેમ કહ્યું તેમ તમારી સાથે બીજાઓને પણ સેવા કરવા તૈયાર કરો.
- કરવા જેવી બીજી બાબતોનું આયોજન કરો.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net

